REQUIRED - CLERK

Applications are invited for the post of Payroll Executive.
Salary: 20,000 - 25,000 per month
Experience: Candidates with Salary Processing experience preferred (BBA or BCOM)

Contact:
+91 9512954722
office@metrosecurity.in

કાપડ વેપારીને ચેક રિટર્ન કેસમાં સજા

સુરતઃ શિવ શંકર રાઠી (કલામતવાળા કોર્પોરેશન) પાસેથી જય અંબે ક્રિએશનના પ્રોપ્રાઈટર જીતેન્દ્ર બોથરાએ જય અંબે ક્રિએશનના નામે રૂ. ૧,૩૪,૫૯૩નો માલ ખરીદ્યો હતો. જેની સામે આપેલો ચેક રિટર્ન થતાં એડવોકેટ ધર્મેશ ગાંધી અને હેમાશું મહેતા મારફત કેસ કરતાં કોર્ટે 1 વર્ષની સજા ફટકારી હતી.

તાત્કાલિક જોઈએ છે

- ઓટોકેડના અનુભવી ઓપરેટર કે જે આર્કિટેકને ત્યાં 3 વર્ષ કામ કરેલ હોય.
- રીટાયર્ડ મામલતદાર / રેવન્યુના જાણકાર વકીલ તત્કાલ જોઈએ છે.

આકર્ષક પગાર

C.V. લઈ રૂબરૂ મળો.

શ્રી કુબેરજી બિલ્ડર્સ, સારોલી, સુરત.

નીલેશભાઈ (H.R.) | 9664849180

જાહેર ખુલાસો અને ચેતવણી

આથી તમામ જાહેર જનતા તથા વેપારી આલમને મારા અસીલ શ્રી ઋષિરાજ સંજયભાઈ તમાકુવાલા (રહેવાસીઃ ૧૨, નહેરુ નગર, ઈચ્છાનાથ, સુરત) ની સૂચના મુજબ આ જાહેર નોટિસથી જણાવવાનું કેઃ
તારીખ ૨૭ સેપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ ગુજરાત મિત્ર અખબારમાં મારા અસીલના પિતાશ્રી સંજયભાઈ હસમુખલાલ તમાકુવાલા દ્વારા એડવોકેટ શ્રી ભદ્રેશ ડી. એન્જિનિયર મારફત મારા અસીલ વિરુદ્ધ એક "જાહેર ચેતવણી" ની નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવી છે. તે નોટિસમાં મારા અસીલ પર લગાડવામાં આવેલા તમામ આક્ષેપો તદ્દન ખોટા, પાયાવિહોણા અને મારા અસીલની સામાજિક પ્રતિષ્ઠાને મલિન કરવાના ઈરાદાથી કરવામાં આવ્યા છે, જેનો મારા અસીલ અત્રે સખત શબ્દોમાં ઈનકાર કરે છે. હકીકત અને મારા અસીલનો ખુલાસો છે કે તેમના પિતાશ્રી અને પરિવારના અન્ય સભ્યો સાથે કેટલાક આંતરિક અને વૈચારિક મતભેદો હોવાને કારણે તેમની સાથે સંબંધ તોડેલ છે. મારા અસીલે ક્યારેય કોઈ ખોટાં કાર્યો કર્યા નથી કે કોઈ ખોટી સંગત રાખી નથી. જે મિલકતો મારા અસીલના નામે છે અથવા જેમાં તેમનો કાયદેસરનો હક્ક-હિસ્સો થાય છે, તે અંગેનો વિવાદ માત્ર મારા અસીલને તેમના કાયદેસરના હક્કોથી વંચિત રાખવા તેમજ દબાણ લાવવાના હેતુથી જ આવી ખોટી નોટિસ છપાવવામાં આવી છે. મારા અસીલ તેમનો સ્વતંત્ર વ્યવસાય/વ્યવહાર કરે છે. તેમની સાથે વ્યવહાર કરનાર કોઈપણ વ્યક્તિ સાથે તેમણે ક્યારેય ખોટા કામો કર્યા નથી જેથી કોઈપણ વ્યક્તિએ તેમના પિતાશ્રી દ્વારા આપવામાં આવેલી એકતરફી અને ખોટી નોટિસથી ગેરમાર્ગે દોરાવવું નહીં. મારા અસીલના તમામ સામાજિક અને વ્યાવસાયિક વ્યવહારો તદ્દન પારદર્શક છે. મારા અસીલ પોતાના કાયદેસરના હક્કો અને પ્રતિષ્ઠાના રક્ષણ માટે ભવિષ્યમાં યોગ્ય કાનૂની દીવાની તેમજ ફોજદારી કાર્યવાહી કરવા માટે સંપૂર્ણ સ્વતંત્ર છે. અત્રે આ નોટિસ મારા અસીલની સક્ષમ સૂચના અને વિગત અનુસાર તૈયાર કરી જાહેર જનતાના હિતાર્થે પ્રસિદ્ધ કરેલ છે.

સૂચનાથી
ઋષિરાજ સંજયભાઈ તમાકુવાલા
રહેવાસીઃ ૧૨, નહેરુ નગર, ઈચ્છાનાથ, સુરત.
સહી :

અમિત પી. સબનાની - એડવોકેટ એન્ડ નોટરી
સરનામું : ૩૦૫, ફોર પોઈન્ટ, વી.આઈ.પી રોડ, વેસુ, સુરત મો.નં. ૯૮૭૯૮ ૨૮૪૮૫

મુળ કબજા રસીદો (ફાઈલો) ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડી.સુરત, તાલુકો : અડાજણ, મોજે : અડાજણના **રે.સ.નં. ૩૩૯, ટી.પી.સ્કીમ નં.૧૩(અડાજણ), ફાયનલ પ્લોટ નં. ૩૦૪** વાળી બિનખેતીની જમીન પર બનાવવામાં આવેલ **''હિમગીરી સોસાયટી''** માં આવેલ **બિલ્ડીંગ નં.૧ માં ભોંયતળીયે આવેલ દુકાન નં.૨** જેનો સુમારે **ક્ષેત્રફળ ૪૦૦ ચો.ફૂટ., છે. જેનો મ્યુનીસિપલ ટેનામેન્ટ નં.૦૧૭બી–૦૭–૩૧૧૧–૦–૦૦૧** વાળી મિલકત શૈલેષકુમાર મંગુભાઈ ટેલર ના નામે અને કબજા – ભોગવટામાં ચાલી આવે છે. તેમણે સદર મિલકત સાલ : ૨૦૦૫ ના અરસામાં દિલીપભાઈ પ્રભુલાલ મોરબીયા પાસેથી કબજા રસીદની રૂએ પ્રાપ્ત કરેલ હતી. તેમણે સદર મિલકત સાલ : ૧૯૯૩ ના અરસામાં અરવિંદભાઈ રમણલાલ ગાંધી પાસેથી કબજા રસીદની રૂએ પ્રાપ્ત કરેલ હતી. તેમણે સદર મિલકત સાલ : ૧૯૮૯ ના અરસામાં ભરતકુમાર પ્રેમજીભાઈ મિસ્ત્રી પાસેથી કબજા રસીદની રૂએ પ્રાપ્ત કરેલ હતી. તેમણે સદર મિલકત સાલ : ૧૯૮૮ ના અરસામાં વિધૃતભાઈ કેશવભાઈ શાહ પાસેથી કબજા રસીદની રૂએ પ્રાપ્ત કરેલ હતી. તેમણે સદરહુ મિલકત જેમની પાસેથી કબજા રસીદની રૂએ પ્રાપ્ત કરેલ હતી તે ઓરીજીનલ કબજા રસીદ તેમજ તે અગાઉ ઉત્તરોત્તરની તમામ ઓરીજીનલ કબજા સહિતનો વેચાણ કરાર/મુળ કબજા રસીદ (ફાઈલ) ગુમ/ખોવાયેલ/ ગેરવલ્લે થયેલ છે, તેવુ જણાવેલ છે. જેથી સદરહુ મિલકત પર કોઈ બેંક, સંસ્થા, સોસાયટી યા જમીન માલિક કે અન્ય કોઈપણ વ્યકિતનો ચાર્જ, હિત સંબંધ યા બોજો હોય, તો તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન–૭** માં હમોને નીચે જણાવેલ સરનામે લેખીતમાં જાણ કરવી. જો સદર મુદતમાં કોઈ લેખીત વાંધા રજુ કરવામાં આવશે નહી તો સદરહુ મિલકત સંબંધે કોઈનો ચાર્જ, હિત, સંબંધ યા બોજો વિગેરે નથી અને જો હોય તો તે ત્યજી/વેવ કરેલ છે, તેમ ગણી સદરહુ મુળ કબજા રસીદો(ફાઈલો) ખરેખર ગુમ/ખોવાયેલ/ગેરવલ્લે થયેલ છે. તેમ માની સદરહુ મિલકત ચોખ્ખી, માર્કેટેબલ અને બોજા રહિત હોવાનું માની લેવામાં આવશે અને મુદત બાદના કોઈના કોઈપણ પ્રકારના વાંધા, તકરાર વિગેરે ચાલશે નહી જેની નોંધ લેવી.
અમારા અસીલોની સુચના અને સંમતિ તેમજ તેમણે જણાવેલ વિધાનોથી આપેલ છે. તા.૧૮.૧૦.૨૦૨૬, રવિવાર

મારી મારફત : **દ્રષ્ટિ કે. ગજ્જર** (એડવોકેટ)
ઓફિસ : શોપ નં.૯, શાંતિ સદન એપાર્ટમેન્ટ, ટેકરાવાળા સ્કૂલની સામે, પાલનપુર પાટિયા, સુરત–૦૫. મો.નં. ૯૨૨૭૭–૦૬૮૭૨, ૮૨૩૮૮–૮૩૭૩૨

ICAR - CENTRAL INSTITUTE FOR RESEARCH ON COTTON TECHNOLOGY

(Indian Council of Agricultural Research)
Adenwala Road, Matunga, Mumbai 400 019.

HYBRID MODE INTERVIEW

ICAR-CIRCOT ના વિવિધ પ્રાદેશિક કેન્દ્રો (Regional Stations) અને વિભાગો/ સેક્શન્સમાં 'યંગ પ્રોફેશનલ્સ-I' (YP-I) ની કુલ વીસ (20) કરાર આધારિત જગ્યાઓ માટે 'હાઇબ્રિડ મોડ' (Hybrid Mode) માં ઇન્ટરવ્યુ યોજાશે. આ ઇન્ટરવ્યુ 03.11.2026 ના રોજ GTC, નાગપુર ખાતે, તથા 04.11.2026 અને 05.11.2026 ના રોજ ICAR-CIRCOT, મુંબઈ ખાતે સવારે 11:00 વાગ્યાથી શરૂ થશે. ઉપરોક્ત જગ્યાઓ માટે લાયકાત, મહેનતાણું, વય મર્યાદા, ઇન્ટરવ્યુની તારીખ અને સમય વગેરે અંગેની વિગતવાર માહિતી માટે, ઇચ્છુક ઉમેદવારોને ICAR-CIRCOT ની વેબસાઇટ https://circot.icar.gov.in ની મુલાકાત લેવા વિનંતી છે.

Sd/-
(Yogesh Ram Pathare)
Senior Administrative Officer

ક્રમાંક.માહિતી-સુરત/૭૬૦/૨૦૨૬

નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ઈ-ટેન્ડર નોટીસ નં.૧૩ સને ૨૦૨૬-૨૭

કામનું નામ : કા.જ.કા.ન.વિભાગના તાબાના નહેરના ૨ (બે) કામ જેની
અંદાજીત રકમ રૂ. : ૭.૮૬ કરોડ થી ૧૦.૫૬ કરોડ
અપલોડ તારીખ : તા.૧૯-૧૦-૨૦૨૬ થી ૦૯-૧૧-૨૦૨૬
ડાઉન લોડની છેલ્લી તારીખ : તા.૦૯-૧૧-૨૦૨૬ અને સમય :૧૮.૦૦ કલાક સુધી
કાર્યપાલક ઈજનેર, કા.જ.કા.નહેર વિભાગ, પહેલા માળે, "સિંચાઈ ભવન" લુડઝ કોન્વેન્ટ સ્કુલની પાસે, અઠવાલાઈન્સ, સુરત-૭ ફોન નં. ૦૨૬૧-૨૬૬૯૦૪૮ રાજ્ય સરકારની માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in તેમજ https://tender.nprocure.com ઉપર જોવા મળશે. તેમજ હવે પછીના કોઈપણ સુધારા ફક્ત ઓનલાઈન મુકવામાં આવશે.
આ કામની વિગતવાર નોટીસ કચેરીના બોર્ડ પર જોવા મળશે, અથવા આ કામ અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન આ કચેરીનો સંપર્ક સાંધવાથી મળશે. પ્રી બીડ મીટીંગ ની તારીખ :- ૨૭-૧૦-૨૦૨૬ અને સમય : ૧૨.૦૦ કલાક, અધિક્ષક ઈજનેર, સુરત સિંચાઈ વર્તુળ, સુરત. એમ.ટી.બી. કોલેજ નજીક, અઠવાલાઈન્સ, સુરત.

ક્રમાંક.માહિતી-સુરત/૭૬૩/૨૦૨૬

ઓનલાઇન જાહેર નિવિદા - ૧૦૩(૨૦૨૬-૨૭)

પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ગાંધીનગર (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)

અધિક્ષક ઈજનેરશ્રી, પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ડી-૧ થી ડી-૧૨ સ્ટાફ ક્વાટર્સની પાસે, નવી સીવીલ હોસ્પિટલ કેમ્પસ, મજુરા ગેટ, સુરત-૩૯૫૦૦૧ ફોન નં (૦૨૬૧) ૨૨૩૫૪૨૩ અને ફેક્સ નં - (૦૨૬૧) ૨૨૩૩૬૯૭ દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઈજારદારો પાસેથી ૦૧ (એક) અને ૦૨(બે) જેની અંદાજિત કીંમત રૂા. ૮૩.૫૬ લાખ થી ૮૩.૯૭ લાખની છે. જે કામ ઓનલાઇન ઈ-ટેન્ડરીંગ પદ્ધતીથી ટેન્ડર માંગવામાં આવે છે. આ કામના ના ટેન્ડરનાં દસ્તાવેજો વેબ સાઈટ www.tender.nprocure.com ઉપર તા. ૨૬-૧૦-૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. વધારાની વિગતો માટે ઉપર જણાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

નોંધ ૧ - ટેન્ડર ફી, ઈ.એમ.ડી. વિગેરે ઓરીજનલ ડોક્યુમેન્ટ, ઓનલાઈન સ્કેન કરી અપલોડ કરવાના અને ૭ (સાત) દિવસમાં સ્પીડ પોસ્ટ થી મોકલવાના રહેશે.
ક્રમાંકઃ માહિતી-સુરત/૭૬૪/૨૦૨૬

SURAT MUNICIPAL CORPORATION

NEW EAST (SARTHANA) ZONE
SHORT E TENDER (ONLINE) INVITATION NOTICE
(ONLINE) NO. DMC/NEZ/12/2026-2027

Tender for invited for various Depat. Works On line on web site https://smctender.nprocure.com from Government Approved Contractor with following schedule.

S.N.	Name of the Dept	Road Dept.	Total Work	Total Est. Cost Rs. (Lac)
01	No. of Work	–	01	3762=30

The detail tender Notice will be made available on website (Visit Us www.suratmunicipal.gov.in)
No. PRO/298/2026-27 Deputy Municipal Commissioner (D)
Date 17/10/2026 Surat Municipal Corporation

સુરત ડીસ્ટ્રીકટ તાલુકા ઓલપાડના ગામ મોજે : વીહારાના સર્વે નં.૯૭/૩, ૯૭/૪, ૯૭/૫, ૯૭/૬, જેનો બ્લોક નં.૧૨૨ થી નોધાયેલી જમીનનાં વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબડીસ્ટ્રીકટના **ગામ મોજે વીહારા**ના સર્વે નં.૯૭/૩,૯૭/૪,૯૭/૫,૯૭/૬, જેનો **બ્લોક નં.૧૨૨** થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન કે જેનો ખાતા નં.૧૭૪ છે અને સદર જમીનનું કુલ ક્ષેત્રફળ હે.૧–૬૦આરે–૮૬ ચો.મી. છે અને તેનો આકાર રૂા.૨૦.૦૬ પૈસા છે. જે જમીનનાં સ્વતંત્ર માલીક મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર **પ્રવિણભાઈ મોરારભાઈ પટેલના** ચાલી આવેલ છે અને તેઓએ સદર ખેતીની જમીન મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. માટે ઉપરોકત જમીનમાં જો કોઈપણ ઈસમનો યા સંસ્થાનો કે બેંકનો હકક, હીસ્સો, હીત, સંબંધ, લાગભાગ, કબજો ભોગવટો, ચાર્જ, બોજો યા લીયન ઉભેલા હોય યા તેવી વ્યકિતઓ, સંસ્થા કે બેંકને સદરહુ જમીન બાબતે કોઈપણ પ્રકારનો વાંધા વિરોધ અવરોધ અટકાયત કે તર–તકરાર હોય, યા કોઈ દર દાવો યા દાવાદુવીના પ્રકરણો ચાલતા હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં લેખીત પુરાવા સહીત ઉપરોકત સરનામે જાણ કરવી. જો મુદતમાં કોઈપણ ઈસમ, સંસ્થા યા બેંકના યા અન્ય કોઈપણ વ્યકિતઓના કોઈપણ જાતના વાંધાઓ આવશે નહી તો ત્યારબાદ મારા અસીલ ઉપરોકત જમીન ખરીદવાની કાયદેસરની તમામ કાર્યવાહીઓ સંપુર્ણ કરશે અને પાકો વેચાણ દસ્તાવેજ કરી–કરાવી લેશે પાછળથી હરકોઈનાં કોઈપણ જાતનાં વાંધા તેમજ તર–તકરારો રદ્દબાતલ ગણાશે. તેની તમામ લાગતા વળગતાએ નોંધ લેવી.

ઠે. જલારામ નગર સોસાયટી, ગામ મોજે :– ખલીપોર, તાઃ– ઓલપાડ, જીઃ– સુરત. મો. નંઃ– ૯૯૨૪૬૨૨૨૨૯૮
મારી મારફત **ભાવિન જે. પટેલ** (એડવોકેટ)

મોજે તાંતી ઝગડા, તા. પલસાણા, જી. સુરતના બ્લોક/સર્વે નં. ૩૪ વાળી જમીન અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ પલસાણાના **મોજે ગામ – તાંતી ઝગડા**ના **બ્લોક/સર્વે નંબર : ૩૪** કે જેનુ **ક્ષેત્રફળ ૧૩૩૫૫ ચો.મી. પૈકી ૫૯૪૫ ચો.મી. દક્ષીણદિશા** તરફની ખેતીની જમીન અંગે સદરહુ જમીનના ખરીદનાર તરફે **દિનેશચંદ્ર એન. ઉપાધ્યાય એસોસીયેટસ વતી એડવોકેટસ પ્રણવ ડી. ઉપાધ્યાય તથા ધવલ ડી. ઉપાધ્યાયનાઓએ તા.૦૯/૧૦/૨૦૨૬** ના રોજ સદરહુ જમીન વેચાણ રાખવા બાબતેની જાહેર ચેતવણી પ્રસિદ્ધ કરાવેલ પરંતુ ત્યારબાદ, સદરહુ જમીનના ખરીદનાર સંજોગોવસાત સદર જમીન વેચાણ રાખવા માંગતા ન હોય જેથી સદર જમીનનો સોદો જમીન માલીકો અને ખરીદનાર વચ્ચે રદ થયેલ છે. તેમજ સદર જમીનના સોદા પેટે કોઈપણ જાતના અવેજ કે કબજાની આપલે થયેલ ન હોય, જેથી સદર જમીનના અવેજ બાબતે કે કબજા બાબતે કોઈ તર-તકરાર કે વાંધો વિરોધ નથી કે ભવિષ્યમાં પણ તે અંગે કોઈ હકક દાવો કરવા કરાવવાનો નથી. તેમજ ખરીદનાર અને જમીન માલીકો વચ્ચે થયેલ સોદો રદ કરવામાં આવેલ હોય, જેથી સદર જમીનના માલીકો સદરહુ જમીન કોઈપણ વ્યકિત બેંક કે સંસ્થાને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે ટાસફર કે એસાઈન કરે તે અંગે કોઈને કોઈપણ જાતનો વાંધો વિરોધ કે તર-તકરાર નથી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.
તા. ૧૮/૧૦/૨૦૨૬

હિતેશ જે. પટેલ (એડવોકેટ એન્ડ નોટરી) મો.નં. ૯૭૨૬૮ ૮૮૧૯૮
અમર બી. જરીવાલા એડવોકેટ મો. ૯૦૧૬૨૫૬૨૯૯
ઓફીસ : એફ/૯-૧૦, સુધન કોમ્પલેક્ષ, અલથાણ રોડ, સુરત.

ટાઇટલ કલીયરન્સ અંગેની જાહેર નોટિસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટિસ થકી જણાવવાનું કે ડિ. સુરત, તાલુકો : અડાજણ મોજે : અડાજણના રે.સ.નં. ૩૩૯, ટી.પી.સ્કીમ નં. ૧૩(અડાજણ), ફાયનલ પ્લોટ નં. ૩૦૪ વાળી બિનખેતીની જમીન પર બનાવવામાં આવેલ "હિમગીરી સોસાયટી" માં આવેલ બિલ્ડીંગ નં. ૯ જલારામ જયોત એપાર્ટમેન્ટ ના પહેલા માળ ઉપર આવેલ ફલેટ નં. ૧૦૪ જેનું સુમારે ક્ષેત્રફળ ૪૫.૨૪ ચો.મી. છે, જેનો મ્યુનીસિપલ ટેનામેન્ટ નં.૦૧૭બી–૦૭–૯૬૯૫–૦–૦૦૧ વાળી મિલકત તથા તળની જમીનમાં ફાળે પડતા વણ–વહેંચાયેલા હિસ્સા સહિત તેને લાગતા વળગતા હકક સહિતની દરોબસ્ત. જે હાલમાં સુશીલાબેન પ્રહલાદભાઈ પટેલ ના નામે તેમજ કબજા ભોગવટામાં ચાલી આવે છે. તેમણે સદરહુ મિલકત, મારા અસીલ– ભૂમિ ઈન્ફ્રાને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી જો કોઈ વ્યકિત, પેઢી કે સંસ્થાનો કોઈ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર–દાવો વિગેરે ચાલી આવેલ હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન–૭ માં અમોને લેખિતમાં આધાર–પુરાવા સહિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો સદર મિલકતમાં કોઈના કોઈ પણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર–દાવો, બોજો વિગેરે નથી અને હોય તો તે જતાં કર્યા યાને વેવ કર્યા છે તેમ સમજી મુદત વિત્યેથી મારા અસીલ સદરહુ મિલકતનો પાકો કબજા સહિતનો વેચાણ કરાર કરાવી લેશે. તેમજ કબજો હસ્તગત કરી લેશે. ત્યારબાદ કોઈની કોઈ પણ પ્રકારની તર–તકરાર, દર–દાવા કે વાંધા વિરોધ ચાલશે નહીં જેની આથી આ નોટિસ થકી ગંભીર નોંધ લેવી.
અમારા અસીલોની સુચના અને સંમતિ તેમજ તેમણે જણાવેલ વિધાનોથી આપેલ છે. તા.૧૮.૧૦.૨૦૨૬, રવિવાર

મારી મારફત : **દ્રષ્ટિ કે. ગજ્જર** (એડવોકેટ)
ઓફિસ : શોપ નં.૯, શાંતિ સદન એપાર્ટમેન્ટ, ટેકરાવાળા સ્કૂલની સામે, પાલનપુર પાટિયા, સુરત–૦૫. મો.નં. ૯૨૨૭૭–૦૬૮૭૨, ૮૨૩૮૮–૮૩૭૩૨

મુળ કબજા રસીદો (ફાઈલો) ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડી.સુરત, તાલુકો : અડાજણ, મોજે : અડાજણના **રે.સ.નં. ૩૩૯, ટી.પી.સ્કીમ નં.૧૩(અડાજણ), ફાયનલ પ્લોટ નં. ૩૦૪** વાળી બિનખેતીની જમીન પર બનાવવામાં આવેલ **''હિમગીરી સોસાયટી''** માં આવેલ **બિલ્ડીંગ નં.૩ સરસ્વતી એપાર્ટમેન્ટ ના ત્રીજા માળ ઉપર આવેલ ફલેટ નં.ડી/૧૧** જેનો સુમારે **ક્ષેત્રફળ ૫૩.૪૨ ચો.મી., છે. જેનો મ્યુનીસિપલ ટેનામેન્ટ નં.૦૧૭બી–૦૭–૩૦૫૧–૦–૦૦૧** વાળી મિલકત લક્ષ્મીનારાયણ ઘાસીરામજી પવાર તથા ચંદ્રકલાબેન લક્ષ્મીનારાયણ પવાર ના નામે અને કબજા – ભોગવટામાં ચાલી આવે છે. તેમણે સદર મિલકત સાલ : ૨૦૦૮ ના અરસામાં રાકેશ લક્ષ્મીનારાયણ પવાર પાસેથી કબજા રસીદની રૂએ પ્રાપ્ત કરેલ હતી. તેમણે સદર મિલકત સાલ : ૨૦૦૮ ના અરસામાં અજયકુમાર તલકચંદ જીનગર તથા અમીતાબેન અજયકુમાર જીનગર પાસેથી કબજા રસીદની રૂએ પ્રાપ્ત કરેલ હતી. તેમણે સદર મિલકત સાલ : ૨૦૦૨ ના અરસામાં અનીલાબેન પ્રમોદભાઈ જાગીરદાર પાસેથી કબજા રસીદની રૂએ પ્રાપ્ત કરેલ હતી. તેમણે સદરહુ મિલકત જેમની પાસેથી કબજા રસીદની રૂએ પ્રાપ્ત કરેલ હતી તે ઓરીજીનલ કબજા રસીદ તેમજ તે અગાઉ ઉત્તરોત્તરની તમામ ઓરીજીનલ કબજા સહિતનો વેચાણ કરાર/મુળ કબજા રસીદ (ફાઈલ) ગુમ/ખોવાયેલ/ ગેરવલ્લે થયેલ છે, તેવુ જણાવેલ છે. જેથી સદરહુ મિલકત પર કોઈ બેંક, સંસ્થા, સોસાયટી યા જમીન માલિક કે અન્ય કોઈપણ વ્યકિતનો ચાર્જ, હિત સંબંધ યા બોજો હોય, તો તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન–૭** માં હમોને નીચે જણાવેલ સરનામે લેખીતમાં જાણ કરવી. જો સદર મુદતમાં કોઈ લેખીત વાંધા રજુ કરવામાં આવશે નહી તો સદરહુ મિલકત સંબંધે કોઈનો ચાર્જ, હિત, સંબંધ યા બોજો વિગેરે નથી અને જો હોય તો તે ત્યજી/વેવ કરેલ છે, તેમ ગણી સદરહુ મુળ કબજા રસીદો(ફાઈલો) ખરેખર ગુમ/ખોવાયેલ/ગેરવલ્લે થયેલ છે. તેમ માની સદરહુ મિલકત ચોખ્ખી, માર્કેટેબલ અને બોજા રહિત હોવાનું માની લેવામાં આવશે અને મુદત બાદના કોઈના કોઈપણ પ્રકારના વાંધા, તકરાર વિગેરે ચાલશે નહી જેની નોંધ લેવી.
અમારા અસીલોની સુચના અને સંમતિ તેમજ તેમણે જણાવેલ વિધાનોથી આપેલ છે. તા.૧૮.૧૦.૨૦૨૬, રવિવાર

મારી મારફત : **દ્રષ્ટિ કે. ગજ્જર** (એડવોકેટ)
ઓફિસ : શોપ નં.૯, શાંતિ સદન એપાર્ટમેન્ટ, ટેકરાવાળા સ્કૂલની સામે, પાલનપુર પાટિયા, સુરત–૦૫. મો.નં. ૯૨૨૭૭–૦૬૮૭૨, ૮૨૩૮૮–૮૩૭૩૨

ટાઇટલ કલીયરન્સ અંગેની જાહેર નોટિસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટિસ થકી જણાવવાનું કે ડિ. સુરત, તાલુકો : અડાજણ મોજે : અડાજણના રે.સ.નં. ૩૩૯, ટી.પી.સ્કીમ નં. ૧૩(અડાજણ), ફાયનલ પ્લોટ નં. ૩૦૪ વાળી બિનખેતીની જમીન પર બનાવવામાં આવેલ "હિમગીરી સોસાયટી" માં આવેલ બિલ્ડીંગ નં. એ–૧ ના ગ્રાઉન્ડ ફલોર પર આવેલ દુકાન નં. ૮, જેનું સુમારે ક્ષેત્રફળ ૩૬.૬૦ ચો.મી. છે, જેનો મ્યુનીસિપલ ટેનામેન્ટ નં.૦૧૭બી–૦૭–૩૧૭૧–૦–૦૦૧ વાળી મિલકત તથા તળની જમીનમાં ફાળે પડતા વણ–વહેંચાયેલા હિસ્સા સહિત તેને લાગતા વળગતા હકક સહિતની દરોબસ્ત. જે હાલમાં ભરતભાઈ મગનભાઈ ભાજીવાલા ના નામે તેમજ કબજા ભોગવટામાં ચાલી આવે છે. તેમણે સદરહુ મિલકત, મારા અસીલ– ભૂમિ ઈન્ફ્રાને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી જો કોઈ વ્યકિત, પેઢી કે સંસ્થાનો કોઈ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર–દાવો વિગેરે ચાલી આવેલ હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન–૭ માં અમોને લેખિતમાં આધાર–પુરાવા સહિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો સદર મિલકતમાં કોઈના કોઈ પણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર–દાવો, બોજો વિગેરે નથી અને જો હોય તો તે જતાં કર્યા યાને વેવ કર્યા છે તેમ સમજી મુદત વિત્યેથી મારા અસીલ સદરહુ મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે તેમજ કબજો હસ્તગત અને ત્યારબાદ કોઈની કોઈ પણ પ્રકારની તર–તકરાર, દર–દાવા કે વાંધા વિરોધ ચાલશે નહીં જેની આથી આ નોટિસ થકી ગંભીર નોંધ લેવી.
અમારા અસીલોની સુચના અને સંમતિ તેમજ તેમણે જણાવેલ વિધાનોથી આપેલ છે. તા.૧૮.૧૦.૨૦૨૬, રવિવાર

મારી મારફત : **દ્રષ્ટિ કે. ગજ્જર** (એડવોકેટ)
ઓફિસ : શોપ નં.૯, શાંતિ સદન એપાર્ટમેન્ટ, ટેકરાવાળા સ્કૂલની સામે, પાલનપુર પાટિયા, સુરત–૦૫. મો.નં. ૯૨૨૭૭–૦૬૮૭૨, ૮૨૩૮૮–૮૩૭૩૨

મોજે. વડોદના બ્લોક નં. ૨૬૩ વાળી જમીન અંગે જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી

સુરત ડિસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટ તાલુકો ઓલપાડનાં મોજે. ગામ વડોદના સર્વે નંબર ૧૧૬/૧ પૈકી, ૧૧૪/૨ જેનો બ્લોક નં. ૨૬૩ વાળી જુની શરતની ખેતીની જમીન, જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે. ૦૨-૦૮-૪૧ ચો.મી છે. જેનો આકાર રૂા.૨૯.૬૨ પૈસા છે તે જમીન પૈકી કુંવરજીભાઈ નાથુભાઈ પટેલ, કાંતિભાઈ કુંવરજીભાઈ પટેલ વિગેરેનો વણવહેંચાયેલ હકક, હિત, હિસ્સો અને ધીરૂભાઈ કેશવભાઈ પટેલનો વણવહેંચાયેલ હકક, હિત, હિસ્સો અમારા અસીલ સુનીલભાઈ જગદીશભાઈ પટેલને વેચાણ આપવા નકકી કરેલ છે. જે અંગે એક સોદાચિઠ્ઠી કરવામાં આવેલ છે. અમારા અસીલે સદરહુ જમીનની વેચાણ અવેજ પૈકી ખુબ જ મોટી રકમ રોકડેથી ચુકવી આપેલ છે. અમારા અસીલ સદરહુ જમીનના બાકીની વેચાણ અવેજની રકમ અમારા અસીલ ચુકવી આપવા માટે હંમેશા રાજી અને ખુશી હોવા છતાં સદરહુ જમીનમાલિકો સદરહુ જમીનમાં બ્લોક વિભાજન કરી તેઓના વણવહેંચાયેલ હિસ્સાનો વેચાણ દસ્તાવેજ કરી આપતા નથી અને અન્ય યેન કેન પ્રકારે અન્ય સહમાલિકો સાથેના મેળાપીપણામાં અન્યોને વેચાણ કરવા માટે ફરી રહેલ છે. સબબ, સદરહુ જમીનમાં સોદાચિઠ્ઠીની રૂએ અમારા અસીલનો કાયદેસરના હકકો સમાયેલા હોય, સદરહુ જમીન બાબતે કોઈપણ ત્રાહિત વ્યકિતએ કોઈપણ પ્રકારના વેચાણ અંગેના વ્યવહારો કરવા કરાવવા નહીં અન્યથા તકરાર સિવાય કંઈપણ પ્રાપ્ત થશે નહી. તેમજ વધારામાં ફોજદારી કાર્યવાહીમાં સંડોવાવું પડશે. જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતાઓએ ગંભીર નોંધ લેવી.

તા. ૧૮/૧૦/૨૦૨૬
ઓફિસ : એફ/૧, પટેલ પાર્ક, તાડવાડી, રાંદેર રોડ, સુરત. મો. નં. ૯૮૯૮૦ ૦૫૬૭૫
અમિત બી. પટેલ
સુનીલભાઈ જગદીશભાઈ પટેલના એડવોકેટ

શ્રી ચલથાણ વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી. ચલથાણ

મુ.પોઃ ચલથાણ, તા.પલસાણા જી.સુરત - ૩૯૪૩૦૫
ફોન નં.૦૨૬૨૨-૨૮૧૦૫૦
(ISO 9001:2015 and ISO 14001:2015 Certifide Company)

વાર્ષિક સાધારણ સભાની નોટીસ

સભાસદ જોગ

આથી સંસ્થાના તમામ સભાસદોને ખબર આપવામાં આવે છે કે, સંસ્થાની ૫૮ મી વાર્ષિક સાધારણ સભા તા.૩૧/૧૦/૨૦૨૬ ને શનિવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે સંસ્થાની રજીસ્ટર્ડ ઓફિસ, ચલથાણ (સુગર ફેક્ટરી ઓફિસ કંપાઉન્ડમાં) રાખવામાં આવેલ છે. જેમાં સૌ સભાસદોને સમયસર હાજર રહેવા વિનંતી છે. વાર્ષિક અહેવાલ તથા હિસાબ તા.૨૬/૧૦/૨૦૨૬ સુધીમાં ન મળે તો ઓફિસના ચાલુ કામકાજ સમય દરમ્યાન સંસ્થાની ઓફિસેથી રૂબરૂ મેળવી લેવા વિનંતી.
સ્થળ : ચલથાણ

બિપીનચંદ્ર એમ. પાંડે
મેનેજીંગ ડાયરેક્ટર
(વ્યવસ્થાપક સમિતિના આદેશથી)

-: ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ :-

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ : ભરૂચ, તાલુકો : આમોદના, **ગામ મોજે : રોઝા ટંકારિયા,** ખાતા નંબર : ૧૩૭૦, જુનો બ્લોક/રે.સર્વે નંબર : ૩૪૫, **નવો બ્લોક/રે.સર્વે નંબર : ૪૩૭** વાળી જમીન, કે જેનુંજરાયત ક્ષેત્રફળ હે.૦–૧૫–૨૬ આરે ચો.મી, તથા આકાર રૂા.૧.૫૦ પૈસા વાળી બીનખેતીના હેતુ માટે પ્રિમિયમને પાત્ર જુની શરતની ખેતીની જમીન તેના માલીક/કબ્જેદાર એવા... **યુસુફ ઈબ્રાહીમ હસન** નાએ તેમની સ્વતંત્ર માલિકીની, પ્રત્યક્ષ કબજા–ભોગવટા, વહીવટ–વ્યવસ્થા હેઠળની તેમજ નકરજી, નબોજી, ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ્સ વાળી હોવાનું યા કરી–કરાવી આપવાની ખાત્રી, ભરોસો અને વિશ્વાસ આપી હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, ખાનગી ભાગીદારો, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક–હિસ્સા, દર–દાવા, જપ્તી–અવલજપ્તી, લેણું–બોજા, સોદા–સાટાખત, પાવર ઓફ એટર્ની જેવા લેખો યા કોઈપણ પ્રકારના કોર્ટ પ્રકરણો વિગેરે હોય તો તેમણે કાયદેસરના પ્રમાણીત પુરાવા સહીત દીન–૭ માં, તે અંગેની સંપુર્ણ લેખિત ખાત્રી હમોને રૂબરૂ મળી કરાવવી, મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું જમીનમાં હિત, સબંધ, હક–હિસ્સા કે લાગભાગ, દર–દાવા, કબજા–ભોગવટા યા ઈઝમેન્ટના હકકો વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે એમ માની લઈ હમારા અસીલ મજકુર માલિકો સાથે વેચાણ અંગેના વ્યવહારો પુર્ણ કરી જરૂરી વેપારી રીતરસમ મુજબના તેમજ કાયદેસરના લખાણો/વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર, વાંધો–વિરોધ, દર–દાવા વિગેરે ચાલશે નહી, તેની આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામે નોંધ લેવી.

ઠે. એ/૬૦૬, છઠો માળ, આરજેડી બીઝનેસ હબ, નગીનાવાડી–ગજેરા સર્કલ રોડ, કતારગામ, સુરત–૩૯૫૦૦૪
અજય બી. પટેલ (એડવોકેટ), (અસીલોની સુચના અને ફરમાઈશથી)

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જિલ્લો સુરત, તાલુકો **અંબિકા મોજે ભોરીયા ના રેવેન્યુ સર્વે ૧૧૬, બ્લોક નં.: ૨૦૯/૧, જેનું કુલ્લે ક્ષેત્રફળ હેકટર ૦–૬૭–૧૭ આરે–ચો.મી.(કયારી તેમજ પોત ખરાબા સહિત)** તથા આકાર રૂા. ૪.૨૦ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન **છગનભાઈ પ્રેમાભાઈ ટીમ્મર** નાએ તેમની સ્વતંત્ર માલિકી તેમજ પ્રત્યક્ષ કબજા ભોગવટા, વહીવટમાં ચાલી આવેલ હોવાનું તેમજ મજકુર જમીનના તેમની માલિકીના ટાઈટલ કોઈપણ જાતના બોજારહિત, ચોકખા અને માર્કેટેબલ હોવાનું જણાવી, મારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. મજકુર વેચાણના વ્યવહાર સંબંધે કોઈને કોઈપણ જાતનો વાંધો હોય યા મજકુર જમીનમાં કોઈપણ જાતના હક્ક–હિત, સંબંધ યા લાગ–ભાગ હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી **દિન–૭ માં** તેમના તેવા વાંધા/હક્કહિત, સંબંધે કે લાગ–ભાગ અંગે પુરાવા સહિત અમોને લેખીતમાં જાણ કરવી. ઉપરોક્ત મુદ્દતમાં જો કોઈ વાંધા ન આવે તો કોઈને મજકુર વ્યવહાર સંબંધે કોઈ વાંધો કે તકરાર નથી કે મજકુર જમીન સંબંધે કોઈ હક્ક–હિત નથી અને હોય તો તે જતા કરેલ છે તેમ માની, મારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈ તકરાર ચાલશે નહીં, જેની લાગતા–વળગતા તમામે નોંધ લેવી.

તા.: ૧૮/૧૦/૨૦૨૬
૧૦૧૧, દસમો માળ, વેલોસીટી બીઝનેસહબ, મધુવન સર્કલ પાસે, એલ. પી. સવાણી રોડ, અડાજણ, સુરત.
દિગેન સી. પટેલ તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, સુરત સીટી સબ-ડીસ્ટ્રીકટના શહેર સુરતના મોજે ડુંભાલ માં આવેલ રે.સ.નં.૨૫, જેનો બ્લોક નં.૩૧ થી નોંધાયેલી જમીન, જેનો ટી.પી.સ્કીમ નં. ૩૩ માં સમાવેશ થતાં ફા.પ્લોટ નં. ૨૫ આપવામાં આવેલો છે. જે જય ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી-૩ ના નામથી ઓળખાય છે. તે જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૮૦ થી નોંધાયેલી ઈન્ડસ્ટ્રીયલ બાંધકામવાળી જમીન અમલાવાળી મીલકત, જેનું કુલ ક્ષેત્રફળ ૧૦૪.૫૧.૨૫ સ.ચો.મી. છે, જેમાં ૪૧૧.૧૧ સ.ચો.મી. (કાર્પેટ) યાને ૪૯૩.૩૩૨ સ.ચો.મી. (બીલ્ટઅપ) ક્ષેત્રફળનું બાંધકામ કરવામાં આવેલું છે તે જમીન અમલાવાળી મીલકત, તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની રાકેશચંદ્ર જયંતિલાલ મોદી એ પોતાની સ્વતંત્ર અને સંપુર્ણ માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી તેમજ સદરહુ મીલકતના વેચાણ અંગે કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંકને કોઈપણ પ્રકારના લેખો કરી આપ્યા નથી તેવું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ મીલકત ઉપર કોઈપણ સરકારી કે સહકારી બેંક, સંસ્થા કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, સંબંધ, હિસ્સો કે દરદાવો વિગેરેના હકકો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં અમારા અસીલ વતી અમોને લેખીત વાંધા પુરાવાઓ સહીત જાણ કરવી. જો તેમ કરવામાં કોઈ ઢીલ કે કસુર થશે તો સદરહું મીલકત અંગે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, સંબંધ, લાગભાગ કે દરદાવો યા ઈઝમેન્ટ કે ખોરાકી-પોષાકીના હકકો નથી અને હોય તો તે જતા યાને વેવ કરેલા છે તેમ માની અમારા અસીલ સદરહુ મીલકતનો તમામ હકકો સહિતનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તરતકરાર ચાલશે નહીં. જેની તમામે નોંધ લેવી.

વિવેક નવીનચંદ્ર ઇન્દોરવાલા - **સુનીતાબેન એન. ગોટાવાલા**
મો.નં.: ૯૮૭૯૭ ૩૫૯૫૮ - મો.નં.૯૧૦૬૮ ૫૯૨૪૯ (નોટરી)
એડવોકેટ્સ
ઠેઃ ૮, સોમનાથ સોસાયટી, ભટાર રોડ, સુરત.

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

આથી જાહેર જનતાને આ જાહેર નોટીસ થકી જણાવવાનુ કે :–
સુરત જીલ્લાના, તાલુકા અડાજણના માજે : અડાજણના રેવન્યુ સર્વે નંબર : ૧૬૯/૨ પૈકી વાળી સુમારે હે. ૦૦–૬૩આરે–૭૪ચો.મી. ક્ષેત્રફળ વાળી જમીન કે જેનો સમાવેશ ફાયનલ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૩૨(અડાજણ)માં થતા સદરહું જમીનને ઓરીજીનલ પ્લોટ નંબર : ૮૩/એ આપી ફાયનલ પ્લોટ નંબર : ૧૧૭, જેનુ ક્ષેત્રફળ સુમારે ૪૪૬૨ ચો.મી. ફાળવેલ છે, તે બીનખેતીની કુલ્લે જમીનમાં "પેસીફીક હોમ્સ" ના નામથી રહેણાંકના હેતુ માટે પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૨૪ થી ઓળખવામાં આવતી ૧૨૫.૩૩ ચો.વાર યાને ૧૦૪.૮૧ ચો.મી. ક્ષેત્રફળ વાળી ખુલ્લી જમીનના પ્લોટવાળી મિલકત કે જે હવે સુરત સીટી સર્વે દફતરે નગર રચના સુરત, વોર્ડ : ટી. પી. સ્કીમ નંબર–૩૨(અડાજણ) ના શીટ નંબર : ૧૧૯માં સીટી સર્વે નંબર : ૧૧૭/૧/૨૬ થી નોંધાયેલ છે, જેનું સીટી સર્વેના દફતર મુજબ ક્ષેત્રફળ : ૧૦૪.૮૧ ચો.મી. છે, તે ખુલ્લી જમીનના પ્લોટવાળી મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના આકાશથી પાતળ સુધીના તમામ હકકો સહિત કુલ્લે દરોબસ્ત.
મજકુર મિલકતના માલીક ચિન્મય કેતન મોદી પાસેથી હમારા અસીલ વેચાણ લેનાર છે. જેથી આ મિલકતમાં કોઈપણ શખ્સ યા સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર, દાવો, લાગભાગ, ખોરાકી, પોશાકી, લીયન, બોજો, ઈઝમેન્ટ વિગેરેના હકકો હોય તો તે અંગેના લેખીત પુરાવા સહિત દિન–૭માં હમોને જાણ કરવી અને એ મુદત સુધીમાં કોઈ જાણ કરવામાં ન આવશે તો તેવા હકકો તેઓએ છોડી દિધેલા છે એમ માની હમારા અસીલ સદરહું મિલકતના માલીક પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

Vashi Advocates

ઈશ્વરસિંહ ડી. વશી	અતિન્દ્રસિંહ આઈ. વશી	ચૈતન્યસિંહ આઈ. વશી
(એડવોકેટ અને નોટરી)	(એડવોકેટ)	(એડવોકેટ)
(મો.) ૯૮૨૫૩–૭૫૨૨૨	(મો.) ૯૮૨૫૬–૯૦૪૮૪	(મો.) ૯૯૦૯૨–૫૧૨૯૦

ઓફિસ : પહેલો માળ, કવિશ એપાર્ટમેન્ટ, બહુમાળી બિલ્ડીગની પાછળ, ખારવાવાડ, નાનપુરા, સુરત, ગુજરાત, ભારત. સમય : સવારે ૯ થી સાંજે ૬ તારીખ : ૧૮–૧૦–૨૦૨૬.

મહેરબાન સુરતના ૮ મા એડીશનલ સીનીયર સીવીલ જડજ સાહેબની કોર્ટમાં
રૂમ નં.-૭૦૨, ન્યુ કોર્ટ બિલ્ડીંગ, સાતમો માળ, અઠવાલાઈન્સ, સુરત.

અરજદાર : રાજેશ જયંતિલાલ માંડલેવાલા, **પ્રોબેટ અરજી નં. ૧૧૭ સને ૨૦૨૬**
રહેવાસી : બંગલા નં.-૧૦૧, સેટેલાઈટ બંગ્લોઝ,
ડી.પી.એસ સ્કુલની પાસે, ડુમ્મસ રોડ, સુરત.૩૯૪૫૫૦
વકીલશ્રી :- સંદિપ જી. પટેલ
...વિરુધ્ધ...

સામાવાળા : (૧) હંસાબેન ઉર્ફે હેમાબેન જયંતિલાલ માંડલેવાલાની દિકરી અને તે દિનેશચંદ્ર ચીમનલાલ કાપડીયાની પત્ની, રહેવાસી : બી/૯૭, યોગીકૃપા સોસાયટી, રામજી મંદિરની બાજુમા, ભટાર રોડ, સુરત. ૩૯૫૦૦૭ **(૨)** સંગીતાબેન તે જયંતિલાલ માંડલેવાલાની દિકરી અને તે વિજય ઉર્ફે હર્ષદકુમાર ઈશ્વરલાલ વાંકાવાલાની પત્ની, રહેવાસી :- ફ્લેટ નં.૩૦૨, પ્રાઈમ પેલેસ એપાર્ટમેન્ટ, એ.ડી.જૈન કોલેજની પાસે, સામેશ્વરા રોડ, વેસુ, સુરત.૩૯૫૦૦૭ **(૩)** નયનાબેન તે જયંતિલાલ માંડલેવાલાની દિકરી અને તે રાહુલકુમાર ભુપેન્દ્રભાઈ ભટ્ટની પત્ની, રહેવાસી :- ૪/૨/૧૭૧/એ- ૫૧૬, ગ્રીનવુડ રેસીડેન્સી, હનુમાન મંદિર નજીક, કૌકુર ચાપરલ, હૈદ્રાબાદ-૫, આંધ્ર પ્રદેશ. પીનં નં. ૫૦૦૦૧૦ **(૪)** યામીનીબેન ઉર્ફે નેમિષા તે જયંતિલાલ માંડલેવાલાની દિકરી અને તે શૈલેષ નવીનચંદ્ર મહેતાની પત્ની, રહેવાસીઃ-૪૩, સંત તુકારામ સોસાયટી, વિભાગ-૨, ભટાર રોડ, ઉમાભવન પાસે, સુરત.૩૯૫૦૦૭

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે, ઉપરોકત અરજદારે હાલની આ પ્રોબેટ અરજી મરહુમ જયંતિલાલ ડાહ્યાલાલ માંડલેવાલા દ્વારા તેઓની હયાતીમાં તા.૧૬/૦૪/૨૦૦૨ ના રોજ તથા મરહુમ તારામતીબેન ઉર્ફે પ્રમિલાબેન જયંતિલાલ ડાહ્યાલાલ માંડલેવાલા દ્વારા તેઓની હયાતીમાં તેઓની માલ મિલકતની વ્યવસ્થા કરવા અંગે વિલ યાને વસિયત નામુ બનાવેલ જે સુરત સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી, સુરતમા અઠવા ઝોનમા બુક નં-૩ માં તા.૨૭/૦૯/૨૦૦૪ ના રોજ અ.નં. ૯૯૮૯/૨૦૦૪ થી રજીસ્ટર્ડ કરેલ. મરહુમ જયંતિલાલ ડાહ્યાલાલ માંડલેવાલા તથા મરહુમ તારામતીબેન ઉર્ફે પ્રમિલાબેન જયંતિલાલ ડાહ્યાલાલ માંડલેવાલા ના વીલ મુજબની મિલકત-અલગ અલગ કંપનીઓના ફીઝીકલ શેર, અલગ અલગ બેંકમાં વ્યાજ સાથેની જમા રકમ તથા સ્થાવર તથા જંગમ માલ મીલકત આ અરજી પેરા નં.૭ મુજબના શીડયુલથી દર્શાવેલ તેમજ અરજી સાથે રજુ કરેલ ફીઝીકલ શેરો છે. જે તમામ સ્થાવર તથા જંગમ માલ-મીલકત અંગે પ્રોબેટ સર્ટીફીકેટ મેળવવા માટે અત્રેની કોર્ટમાં પ્રોબેટ અરજી દાખલ કરેલ છે. આ અરજી વિરુધ્ધ કોઈને વાંધો હોય તો તેઓ જાતે તથા વકીલ મારફતે તારીખ : ૨૬/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે નામદાર કોર્ટમાં હાજર થઈ વાંધા રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ આ અરજી સાંભળી કાયદા મુજબ અરજીનો નિકાલ કરશે જેની નોંધ લેવી.
આ તારીખ :૧૭મી ઓકટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની સિકકો કરીને આપ્યો.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	કોર્ટનો સિક્કો	હુકમથી
(એચ.આર.વડોદરીયા)	(બી.એન.સોલંકી)		(સુનીતા કાપડીયા)
આસીસ્ટન્ટ	બેન્ચ કલાર્ક ગ્રેડ-૧		રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, સુરત.

-:: જાહેર ચેતવણી ::-

આથી અમો કિશોરભાઈ બાલુભાઈ રાશિયા, રહે. બી/૪૦૮, ધનમોરા કોમ્પલેક્ષ, સિંગણપોર રોડ, કતારગામ, સુરત. સદરહું જાહેર ચેતવણીથી જણાવીએ છીએ કે ઉપરના ફોટા વાળો મારો પુત્ર નામે દિવ્યેશ કિશોરભાઈ રાશિયા, ઉમર વર્ષ : ૨૯ નાઓ ઘણા સમયથી પોતાના મન ચાહે તે રીતે સ્વતંત્ર વહીવટ કરે છે. જેઓને વારંવાર સમજાવવા છતાં તેઓમાં કોઈ સુધારો આવેલ નથી અને અમારા કહ્યામાં નથી. જેથી તેમની સાથે કોઈએ નાણાંકીય કે અન્ય વહીવટ કે વ્યવહાર કરવો નહી. તેમજ જે કોઈએ તેની સાથે વહીવટ કરેલ હોય કે હવે પછી કરે તો તેના માટે હમો વાલી બાલુભાઈ રાશિયાની હાલ તથા ભવિષ્યમાં અમારી સ્થાવર કે જંગમ મિલકતમાં મારો પુત્ર નામે દિવ્યેશ કિશોરભાઈ રાશિયાનો કોઈ હક્ક , હિત, હિસ્સો, કે લાગભાગ રહેશે નહીં, જેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.
સુચના અને સંમતિથી : કિશોરભાઈ બાલુભાઈ રાશિયાની

અમારી મારફત **ચંદ્રજીતભાઈ એચ. આહિર** (એડવોકેટ)
OFFICE: 403, The Boulevard, near Pratham circle, Pal, Surat, 394510

ટાઈટલ કલીયરન્સ બાબતે જાહેર નોટીસ

નવસારી ડિસ્ટ્રીક્ટ રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ જલાલપોર તાલુકાના મોજે : ઉભરાટના, બ્લોક નંબર : ૫૬૩/૨ તથા ૫૬૩/અ/૨ વાળી બીનખેતીની જમીનમાં આયોજીત **"વોટર વર્લ્ડ"** માં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર : સી/૧૨૨**, જેનો બ્લોક નંબર : ૧૩૩૭ ચાલી આવેલ છે, જેનું ક્ષેત્રફળ : ૨૬૫.૨૭ ચોરસ મીટર તથા રોડ, રસ્તાનું ક્ષેત્રફળ : ૩૦ ચો.મી.મળી કુલ્લે ક્ષેત્રફળ : ૨૯૫.૨૭ ચો.મી.વાળી અમલા ઈમારત સહીતની મીલકત **સુરેશભાઈ બળદેવભાઈ જોગરાણા, રહેવાસી : ૭, શાસ્ત્રીનગર, કબીલપોર, નવસારી**ના એ પોતાની માલીકી અને કબજા ભોગવટા વહીવટ હેઠળની જણાવી તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહીત મીલકતના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી તે અંગે જે કોઈ શખ્સ, ઈસમ કે કોઈ પણ વ્યક્તિના કોઈપણ જાતના લાગભાગ, દર-દાવો, હક્ક, હિત, હિસ્સો કે કોઈપણ બેંક કે બેંકિંગ જેવી સંસ્થાની લોન, બોજો અગર ગીરો હોય તો તેઓએ **દિન-૫** માં લેખિતમાં પુરાવા સહિત હમોને જાણ કરવી. મુદત વિત્યાબાદ કોઈના કોઈપણ જાતના હક્ક-હિસ્સો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી હમારા અસીલ વેચાણનો પાકો દસ્તાવેજ કરાવી લેશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસ : જે.સી.જરીવાલા એસોસીએટ, ૩૦૧, ઈશ્વરકૃપા બિલ્ડીંગ, અશ્ચુગર મહોલ્લો, નાનપુરા, સુરત. મો.૯૫૮૬૭ ૩૫૧૫૧
વિપુલ જે.જરીવાલા તે ખરીદનારના એડવોકેટ

શહેર સુરતના રાંદેર વિસ્તારમાં ઝંડા ચોક, પાયકવાડ સ્ટ્રીટમાં આવેલ વોર્ડ રાંદેરના સીટી સર્વે નંબર ૧૦૯/અ, ટીકા નંબર ૧૦થી નોંધાયેલ મિલકત-જમીન અંગે જાહેર ચેતવણી અને જાહેર નોટીસનો જાહેર જવાબ કમ જાહેર ખુલાસો

શહેર સુરતના રાંદેર વિસ્તારમાં ઝંડા ચોક, પાયકવાડ સ્ટ્રીટમાં આવેલ વોર્ડ રાંદેરના સીટી સર્વે નંબર ૧૦૯/અ, ટીકા નંબર ૧૦થી નોંધાયેલ મિલકત કે જેનું ક્ષેત્રફળ ૬૬૭.૨૩૧૭ ચો.મી. યાને ૭૯૮.૦૦ ચો.વાર વાળી જમીન અંગે **એડવોકેટશ્રી કશ્યપ કે. બનાતવાળા,** સુરતના મારફતે તા.૧૫/૧૦/૨૦૨૬ના રોજ ગુજરાત મિત્ર તથા ગુજરાત દર્પણમાં પ્રસિધ્ધ કરાવવામાં આવેલ જાહેર ચેતવણી અને જાહેર નોટીસ, ખરી નથી, કાયદેસરની નથી, શુધ્ધબુધ્ધિપુર્વકની નથી તથા ખોટી રીતે પુરાવા ઉભા કરવાના હેતુ માત્રથી પ્રસિધ્ધ કરાવેલાનું સ્પષ્ટ થાય છે. મજકુર જાહેર ચેતવણીમાં જણાવેલ સદર જમીન-મિલકત અંગેના કહેવાતા સાટાખત અને સ્થળ ઉપરનો પ્રત્યક્ષ કબજો સુપ્રત કર્યા અંગેની હકીકતો નામ. સુરત સીવીલ કોર્ટ સમક્ષના **સ્પે.દિ.મુ.નં. ૧૩૦/૨૦૧૪** ના રેકર્ડ અને જજમેન્ટથી વિપરીત અને વિરૂધ્ધના સ્ટેટમેન્ટ ઉપસ્થિત કરવામાં આવેલા છે. મજકુર મિલકત ઉપર તેના વાદી બસીરખાન ઇબ્રાહીમખાનનો કોઈ પ્રત્યક્ષ કબજો ન હોવાનો દાવો નામ. કોર્ટે ગ્રાહ્ય રાખેલ નથી. સ્પે.દિ.મુ.નં. ૧૩૦/૨૦૧૪ ના જજમેન્ટ વિરૂધ્ધ ઉન્મેશ અરવિંદ ભટ્ટનાએ નામ ડિસ્ટ્રીકટ કોર્ટ સુરત સમક્ષ રે.દિ. અપીલ નં. ૪૩/૨૦૨૨ દાખલ કરેલી. જે અપીલના કામે નામ. સીવીલ કોર્ટ સુરતના સ્પે.દિ.મુ.નં. ૧૩૦/૨૦૧૪ ના કામે જાહેર કરેલ જજમેન્ટ રદ યાને સેટેસાઈડ કરી મૂળ વાદી બસીરખાન ઇબ્રાહીમખાનનો દાવો રદ કરેલ છે અને નામ. એપેલેટ કોર્ટે કહેવાતા સાટાખત અને તે અન્વયેના કરારના વિશેષ અમલના હક્કો રદ જાહેર કરેલ છે. નામ. એપેલેટ કોર્ટે સદરહું જમીનનો પ્રત્યક્ષ કબજો બસીરખાન ઇબ્રાહીમખાનનો ન હોવાનું સ્પષ્ટ તારણ આપેલ છે. બસીરખાન ઇબ્રાહીમખાનને ઉપરોકત જમીન - મિલકત બાબતે કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો તેમજ સ્થળ ઉપરનો પ્રત્યક્ષ કબજો કે ભોગવટો ન હતો અને નથી. જેથી સદર જાહેર પ્રસિધ્ધિથી તેવા પ્રત્યક્ષ કબજા અંગેના ખોટા હક્ક દાવા અને પ્રકરણ ઉભું કરવાના બદઈરાદે હાલની નોટીસ પ્રસિધ્ધ કરાવવામાં આવેલાનું સ્પષ્ટ થાય છે. બસીરખાન ઇબ્રાહીમખાનએ નામ. ગુજરાત હાઈકોર્ટમાં **F/SA** : ૩૦૫૧૩/૨૦૨૬ દાખલ કરેલ પ્રકરણમાં નામ. હાઈકોર્ટ કોઈ દરમ્યાન હુકમ ફરમાવેલ નથી અને ઉપરોકત પ્રકરણ એડમીશન સ્ટેજ ઉપર પેન્ડીંગ હોવાનું જણાય છે. ઉપરોકત જમીન - મિલકત **અમિત હરીશકુમાર ડોકટર, મિહીર મહેશભાઈ ચેવલી અને પરેશકુમાર સુરેશચંદ્ર મોદી**એ રજી. દસ્તાવેજ અનુ. નં. ૯૭૪૦/૨૦૨૧ તા.૨૪-૦૩-૨૦૨૧ અન્વયે વેચાણ રાખેલ છે. રજી. દસ્તાવેજની પબ્લીકલી કન્સકટ્રીવ નોટીસ હોવા છતાં કહેવાતા સાટાખતના આધારે મહે. સુરતની સીવીલ કોર્ટમાં શુધ્ધબુધ્ધિપૂર્વકના ખરીદનાર તથા સ્થળ ઉપરના પ્રત્યક્ષ કબજેદાર તથા ભોગવટેદારને દબાણમાં લેવા અને ખોટી રીતે નાંણા ઢઢાવવાના હેતુથી સ્પે.દિ.મુ.નં. ૧૨૧/૨૦૨૪ નો દાવો દાખલ કરેલ છે. જેમાં હમોએ હમારો કાયદેસરનો બચાવ રજુ કરેલ છે. હમો વિરૂધ્ધ બસીરખાન ઇબ્રાહીમખાનને કાયદેસરના કોઈ હક્કો પહોંચતા નથી, હમો જોડે તેઓનો કોઈ પ્રીવીટી ઓફ કોન્ટ્રાકટ નથી. જે તમામ સંજોગોમાં હાલની જાહેર ચેતવણી તથા જાહેર નોટીસ હરકોઈ પ્રકારે જાહેર જનતાને ગેરરસ્તે દોરવા અને બસીરખાન ઇબ્રાહીમખાન અણછાજતી માંગણીને પ્રોત્સાહન પુરુ પાડવાના હેતુથી ગર્ભિત ધમકીના ભાગરૂપ પ્રસિધ્ધ કરાવેલાનું જણાય છે, જેથી આવી જાહેર ચેતવણી અને જાહેર નોટીસથી કોઈએ ભરમાવવું નહી તેમજ ઉપરોકત જમીન બાબતે હાલ કહેવાતા સાટાખત અને નામ. હાઈકોર્ટ સમક્ષના પ્રકરણને હાથો બનાવી બસીરખાન ઇબ્રાહીમખાન જોડે કોઈએ કોઈપણ પ્રકારના વ્યવહારો કરવા કરાવવા નહી. તેમ કરવામાં કસુર કરનાર સામે કાયદેસર રાહે દિવાની અને ફોજદારી કાર્યવાહી કરવાની ફરજ પડશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારી મારફત
જતીનકુમાર બી. રેશમવાલા
એડવોકેટ એન્ડ નોટરી
અમિત હરીશકુમાર ડોકટર, મિહીર મહેશભાઈ ચેવલી, પરેશકુમાર સુરેશચંદ્ર મોદી,
ઓફીસ : ૯ અને ૧૫, કાશી પ્લાઝા,સેન્ટ્રલ બેંકની ઉપર, રૂસ્તમપુરા મેઈન રોડ, સુરત.

સુરત ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ શહેર સુરતના મોજે ગામ ફુલપાડા, વોર્ડ નં. ૧, નોંધ નં. ૯૨૦૬/૧ માં આવેલ દેવી કોમ્પલેક્ષમાં પહેલા માળે આવેલ રૂમ નંબર એ–૧૫ (દુકાન નં. એ–૧૧૫) વાળી મીલકત અંગે જાહેર ચેતવણી

આથી લાગતા વળગતા તમામને આ જાહેર ચેતવણી થકી જણાવવાનું કે સુરત ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ શહેર સુરતના **મોજે ગામ ફુલપાડા**, સીટી સર્વે વોર્ડ ફુલપાડા-૧, અશ્વનીકુમાર ગામતળ વિસ્તારમાં આવેલ ૭/૧૨ ના રેકર્ડ મુજબ વાડા નં.૧ તથા જુના સીટી સર્વે નં.૨૮ માં આવેલ નોંધ નં.૨૦ તથા ચાલતા નં.૧૦૨ તેમજ સીટી સર્વે રેકી મુજબ નોંધ નં.૯૨૦૬/૧ થી નોંધાયેલી જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ ૫૫૮.૩૧૦૨ સ.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીનમાં આયોજન કરવામાં આવેલ **દેવી કોમ્પલેક્ષ** ના નામથી ઓળખાતી ઈમારતમાં **પહેલા માળે** આવેલ **રૂમ નં. એ-૧૫** (દુકાન નં. એ-૧૧૫) વાળી મીલકત જેનું સુપર બિલ્ટઅપ એરીયા મુજબનું ક્ષેત્રફળ સુમારે ૬.૩૦ ચો.ફૂટ છે તથા બીલ્ટઅપ એરીયાનું ક્ષેત્રફળ સુમારે ૩૪૬.૫૦ ચો.ફૂટ યાને ૩૨.૧૯ ચો.મીટર વાળી મીલકત તથા તેને લાગુ ઈમારતની તળની જમીનમાં પ્રયાવાસરનો તળે પડતા વણવહેંચાયેલ અવિભાજ્ય હીસ્સાની જમીન વાળી મીલકત તથા તેને લાગુ અંદરના તથા બહારના તમામ હકકો સહીતની મીલકત **કલ્યાણસિંહ રણવિરસિંહ ડાભી**, રહે. બી-૪૩, જ્ઞાનદીપ સોસાયટી, જલારામ મંદિરની પાસે, પાલનપોર ગામ, સુરત નાએ હમારા અસીલ ભાવિન અશોકકુમાર શાહ, રહે.જી-૫૦૧, વેસ્ટર્ન ચિંતામણી રેસીડેન્સી, પાલ, અડાજણ, સુરતનાને મજકુર મીલકત કબજા સહીતના વેચાણ કરારથી તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ વેચાણ આપેલ છે અને વેચાણ વ્યવહારના અવેજની પુરેપુરી રકમ પણ મીલકતના માલીક **કલ્યાણસિંહ રણવિરસિંહ ડાભી**ને ચુકવી આપેલ છે અને મજકુર કબજા સહીતના વેચાણ કરારના દિવસે જ મીલકતના માલીકે હમારા અસીલને કબજો પણ સુપરત કરેલ છે અને જે કબજા સહીતનો વેચાણ કરાર નોટરી પબ્લિકશ્રી મીતા એમ. પંચાલ સમક્ષ સીરીયલ નંબર-૧૯૭૫/૨૦૨૬, તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ નોંધાયેલ છે તથા અગાઉના માલીકે કરી આપેલ અસલ વેચાણ દસ્તાવેજ પણ હમારા અસીલના કબજામાં સોંપેલ છે અને ત્યારથી મજકુર મીલકતના માલીક કબજેદાર ભોગવટેદાર હમારા અસીલ ચાલી આવેલ છે તથા **કલ્યાણસિંહ રણવિરસિંહ ડાભી**નાએ મજકુર મીલકતનો તમામ પ્રકારે વેચાણ વહીવટ તથા મીલકત બાબતના તમામ વ્યવહારો કાર્યવાહી કરવા માટે **હમારા અસીલના પત્ની અમીબેન ભાવિન અશોકકુમાર**નાને સ્પેશીયલ પાવર ઓફ એર્ટની લખી આપેલ છે અને **કલ્યાણસિંહ રણવિરસિંહ ડાભી**નાએ તેમના એડવોકેટશ્રી પ્રશાંત વી. રાવલ મારફત તા.૦૮/૧૦/૨૦૨૬ ના રોજની હમારા અસીલને લીગલ નોટીસ મોકલાવેલ જે મજકુર નોટીસનો હમારા અસીલ તરફે તેમના એડવોકેટશ્રીને તા.૧૨/૧૦/૨૦૨૬ ના રોજ વિગતવાર લેખીત જવાબ આપવામાં આવેલ છે, જેથી હમારા અસીલની સહી સમંતિ વગર મજકુર જમીન મીલકત બાબત **કલ્યાણસિંહ રણવિરસિંહ ડાભી** સાથે મજકર મીલકત ખરીદવા અંગે તથા અન્ય કોઈપણ પ્રકારના વ્યવહારો કરવા કરાવવા નહી કે કોઈપણ પ્રકારના નાણાં તેઓને ચુકવવા નહી અને જો ચુકવણી કરશે તો હમારા અસીલ તે તમામ સામે ફોજદારી પ્રકરણો તથા દીવાની પ્રકરણોની જોગવાઈ મુજબ કાયદેસરની કાર્યવાહી કરશે જેની ગંભીર નોંધ લેશો અને કહેવાતા ખરીદનારનાને મજકુર મીલકત બાબત માલીકી ટાઈટલ કે કબજા ટાઈટલ પ્રાપ્ત થશે નહી અને તેઓને તકરાર સીવાય કાંઈ પ્રાપ્ત થશે નહી અને જેની મજકુર જાહેર ચેતવણી થકી ત્રાહીત વ્યકિત કે લાગતા વળગતા તમામ ગંભીર નોંધ લેશો.

ઓફીસ : ૩૦૧, ૩૦૨, અંકુર શોપીંગ સેન્ટર, નવા સરદાર પુલની સામે, અડાજણ રોડ, સુરત. મો. ૯૮૨૪૧ ૧૨૦૬૧ (તા. ૧૮/૧૦/૨૦૨૬)
રમેશચંદ્ર એન. પટેલ (એડવોકેટ એન્ડ નોટરી)
તેજસ આર. પટેલ
તે ખરીદનાર ભાવિન અશોકકુમાર શાહના એડવોકેટશ્રીઓ